નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતે આઉટસોર્સથી સોફ્ટવેર ડેવલોપરની ૦૨ જગ્યા ઊભી કરવા અંગેની વર્ષ ૨૦૨૦-૨૧ની નવી બાબતને વહીવટી મંજૂરી આપવા બાબત.
રૂ. ૦૬.૦૦ લાખની મંજૂરી

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંક:મકમ/૧૦૨૦૨૦/૧૧૩૪૮૬/જ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ:-૨૩/૦૯/૨૦૨૦

**વંચાણમાં લીધા-**

(૧) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણનો તા.૨૦/૦૧/૨૦૧૯નો પત્ર ક્રમાંક: અજાક/ગ-૧/૧/૨૦૧૯-૨૦/૬૧૭

(૨) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણનો તા.૨૦/૦૪/૨૦૨૦નો પત્ર ક્રમાંક: અજાક/ગ-૧/૧/૨૦૧૯-૨૦/૨૪૮૦

**આમુખ:-**

વંચાણે લીધેલ ક્રમ-૧ પરની તા:૨૦/૦૧/૨૦૧૯ની દરખાસ્તથી નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ દ્વારા આઉટસોર્સીંગ દ્વારા ૦૩ સોફ્ટવેર ડેવલોપરની સેવાઓ લેવા માટે વર્ષ ૨૦૨૦-૨૧માં રૂા. ૦૬.૦૦ લાખની નવી બાબત રજૂ કરતાં, નાણા વિભાગ દ્વારા ૦૨ સોફ્ટવેર ડેવલોપરની સેવા આઉટસોર્સથી લેવાની સૈધ્ધાંતિક મંજૂરી આપતાં, તે અંગેની જોગવાઇ વર્ષ ૨૦૨૦-૨૧ના નાણાકીય અંદાજપત્રમાં કરવામાં આવેલ હતી.

વંચાણે લીધેલ ક્રમ-૨ પરના તા:૨૦/૦૪/૨૦૨૦ના નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણના પત્ર દ્વારા અંદાજપત્રમાં થયેલ જોગવાઇ અન્વયે રૂા. ૬.૦૦ લાખની નવી બાબતને વહીવટી મંજૂરી આપવા દરખાસ્ત કરેલ હતી.

**ઠરાવ:-**

નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણની ઉપર્યુક્ત દરખાસ્ત પરત્વે પુખ્ત વિચારણાને અંતે, આઉટસોર્સીંગથી ૦૨ સોફ્ટવેર ડેવલોપરની સેવાઓ પ્રતિમાસ રૂા. ૨૫,૦૦૦/- લેખે સરકાર માન્ય એજન્સી મારફતે લેવા રૂા. ૦૬.૦૦ લાખની નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ની નવી બાબતને નીચેની શરતોને આધીન આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે:-

શરતો:

(૧) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ સને ૨૦૨૦-૨૧ના નાણાકીય વર્ષની અંદાજપત્રીય જોગવાઇને આધીન અને નાંણા વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોઅને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(૩) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગૂ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

(૪) આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિદ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૫) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહિ. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૬) યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૭) પ્રવર્તમાન યોજનાના નોર્મ્સ અને સહાયની રકમોમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજ્ય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.

(૮) કોમ્પ્યુટરની જાણકારી માટે પ્રવર્તમાન ભરતી નિયમોનુસાર ઉમેદવાર નિયત થયેલ કોમ્પ્યુટર કૌશલ્યની પરીક્ષા પાસ કરેલ/લાયકાત ધરાવતા હોવા જોઇએ.

(૯) રાજ્ય સરકાર દ્વારા વખતોવખત નિયત કાર્યભારણનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

(૧૦) નાણા વિભાગના તા:૦૬/૦૬/૨૦૨૦ના ઠરાવ ક્રમાંક: ખરચ-૧૦૨૦૧૦-૧૧૮-ઝ૧થી અપાયેલ કરકસરની સૂચનાઓ અનુસાર ખર્ચ ન થાય તે નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણે સુનિશ્ચિત કરવાનું રહેશે.

ઉકત નવી બાબત અંગે થનાર ખર્ચ નીચે મુજબના બજેટ સદર હેઠળ ઉધારવાનો રહેશે.

માંગણી ક્રમાંક :- ૯૫

મુખ્ય સદર :- ૨૨૨૫ અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિ અને અન્ય પછાત વર્ગ અને લઘુમતિઓનું કલ્યાણ,

પેટા મુખ્ય સદર:- ૦૧-અનુસૂચિત જાતિઓનું કલ્યાણ,

ગૌણ સદર :- ૦૦૧-નિર્દેશ અને વહીવટ

પેટા સદર :- ૦૧,

યોજનાનું નામ:- ૦૦૧ નિયામક સમાજ કલ્યાણની કચેરી કલાસ-૩

(૩૦૦૦ અન્ય કરાર આધારિત સેવાઓ)

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર નાણાં વિભાગની તા.૨૧/૦૯/૨૦૨૦ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(વિષ્ણુ પટેલ)
ઉપ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.

પ્રતિ,

1. માન. મંત્રીશ્રી(સા.ન્યા)ના અંગત મદદનીશશ્રી, સચિવાલય, ગાંધીનગર.
2. અધિક મુખ્ય સચિવશ્રી(સા.ન્યા)ના અંગત મદદનીશશ્રી, સચિવાલય, ગાંધીનગર.
3. અધિક મુખ્ય સચિવશ્રી, નાણા વિભાગના અંગત મદદનીશશ્રી, સચિવાલય, ગાંધીનગર.
4. નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
5. એકાઉન્ટન્ટ જનરલ, અમદાવાદ/ રાજકોટ.
6. પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર/અમદાવાદ
7. નાણા સલાહકારશ્રી(સા.ન્યા.), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
8. બજેટ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
9. સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ, સા.ન્યા. અને અધિ. વિભાગ, ગાંધીનગર તરફ, (વિભાગની વેબસાઈટમાં જ-શાખાના ઠરાવોની યાદીમાં સામેલ કરવાની વિનંતી સાથે... )
10. પસંદગી ફાઇલ-૨૦૨૦.